**<u>અમદાવાદનાં મે.અધિક સત્ર ન્યાયાધીશશ્રી જે.આઇ.પટેલ સાહેબની</u>**

**<u>કોર્ટ નં.૬ . મુ. અમદાવાદ.(બેઇલ કોર્ટ)</u>**

**ક્રિ.પ.અ.નં.૫૩૫૬/૨૦૨૬**

અરજદાર/ આરોપી : **૧. મોહંમદહુસેનખાન કમરમોહંમદ પઠાણ**

**૨. ફૈસલખાન રઈસખાન પઠાણ**

**૩. ફૈઝાનખાન રઈસખાન પઠાણ**

**૪. ફરહીન શોકતખાન પઠાણ**
નં.૧ થી ૪ રહે- સાહીચા કોલોની-૨, રસુલાબાદ, શાહઆલમ,અમદાવાદ.

**૫. મો.સોહેલ આફતાબઆલમ શેખ**
રહે.ડુપ્લેક્ષ નંબર-૨, અલ-ફલાહ ડુપ્લેક્ષ, અંબર ટાવર રોડ,જુહાપુરા, અમદાવાદ.
(તમામ હાલ સાબરમતી સેન્ટ્રલ જેલ, અમદાવાદ)

**વિરુધ્ધ.**

સામાવાળા : **સરકાર શ્રી**

---

અરજદાર તરફે. : -વિ.વ.શ્રી એમ.એમ.શેખ

સામાવાળા તરફે. :- વિ.એ.પી.પી.શ્રી

---

**<u>ચુકાદો</u>**

(૧) આ કામના અરજદાર/આરોપીઓ વિરુધ્ધ ઇસનપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નંબર:-૧૧૧૯૧૦૨૨૨૬૦૬૦૭/૨૦૨૬, ધી બી.એન.એસ.ની કલમ-૧૧૮(૨), ૧૮૯(૨), ૧૮૯(૪), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) વિગેરે મુજબ ગુનો નોંધાયેલ હોય, સદરહું

ગુનાના કામે અરજદાર/આરોપીઓ હાલ જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોય, અરજદાર/આરોપીઓએ ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ (ટુંકમાં બી.એન.એસ.એસ.)ની કલમ ૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) જામીન અરજી રજુ થતા વિ.એ.પી.પી.શ્રીને નોટીસ કાઢવામાં આવેલ છે જે અન્વયે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલ છે તેઓએ તપાસ કરનાર અધિકારીએ આંક–પ થી સોગંદનામું રજુ કરેલ છે. મુળ ફરીયાદી તરફે આંક–૬ થી લેખિત વાંધા રજુ કરેલ છે.

(૩) અરજદાર/આરોપીઓના વિધ્વાન વકીલશ્રીએ જામીન અરજી અન્વયે દલીલ કરી જણાવેલ છે કે, અરજદારો નિર્દોષ અને બેગુનાહ છે. અરજદારોએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. આ કામના અરજદાર/આરોપી નંબર ૧ વિરુધ્ધ માથામાં છરી માર્યાનો આક્ષેપ છે જ્યારે આરોપી નં. ૨ થી પ નાઓ વિરુધ્ધ ગડદાપાટુનો માર માર્યાનો આક્ષેપ છે. હાલનો બનાવ જુની અદાવતના કારણે બનેલો છે. આ કામના અરજદાર નં. ૧ વિરુધ્ધ અન્ય પાંચ ગુનાઓ નોંધાયેલા છે જ્યારે અરજદાર નંબર ૨ વિરુધ્ધ ત્રણ તેમજ અરજદાર નં. ૩ વિરુધ્ધ ૧ તેમજ અરજદાર નં. ૪ વિરુધ્ધ ૨ ગુના નોંધાયેલા છે. આમ, અરજદાર નં. ૨ થી પ નાઓએ કોઇ તિક્ષ્ણ હથિયારથી ઈજા પહોંચાડેલ નથી. સદર કેસ ચાલતા ઘણા લાંબો સમય પસાર થાય તેમ છે. ઈજાપામનાર કે જે રસુલાબાદ શાહઆલમમાં રહેતા હોવા છતા પાંચેક મિનીટના અંતરે આવેલ એલ.જી.હોસ્પિટલમાં સારવાર કરાવવાના બદલે તેમના રહેણાંકથી ૧પ–૨૦ કિલોમીટર દુર આમેના હોસ્પિટલ જુહાપુરા અને બાદમાં શેલ્બી હોસપિટલમાં સારવાર કરાવેલ છે જે શંકા ઉત્પન્ન કરે છે.

અરજદારોને લાંબો સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ હોય, અમદાવાદના કાયમી રહીશ છે, નાસી ભાગી જાય તેમ ન હોય તેમજ નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવાની ખાતરી આપે છે. તે તમામ કારણો ધ્યાને લઇ, અરજદારોને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સામાવાળા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ તપાસ કરનાર અધિકારીએ રજુ કરેલ એફીડેવીટ અન્વયે દલીલ કરી જણાવેલ છે કે, આ કામના ફરીયાદી પોતાના ઘરની બહાર બેઠા હતા તે દરમ્યાન આ કામના આરોપીઓ છરી, ધારીયુ તેમજ કુહાડી, લોખંડની પાઇપ જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરી, ગેરકાયદેસર મંડળી રચી, ફરીયાદી પાસે આવી અચાનક હુમલો કરી, આરોપી નં. ૧ નાએ તેના હાથમાંની છરી વડે ફરીયાદીને માથાના વચ્ચે તથા કપાળના ભાગે વચ્ચે બે ઘા મારી, બીજા આરોપીઓએ લાતો તથા ગડદાપાટુનો માર મારેલાનો આક્ષેપ છે. આમ, આ કામે ઇજા પામનારને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવેલ છે પરંતુ, હાલ ગુનાની તપાસ ચાલુ હોય, અરજદારો વિરુધ્ધના ગુનાની ગંભીરતા તેમજ અરજદારોનો ગુનાહિત ઇતિહાસ ધ્યાને લઇ, અરજદારોની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(પ) આ કામે મુળ ફરીયાદી તરફે વિધ્વાન વકીલશ્રીએ આંક–૬ થી જામીન અરજી વિરુધ્ધ લેખિત વાંધા રજુ કરેલ છે જેમાં મુખ્યત્વે હાલના આરોપી નં. ૧ નાએ ફરીયાદીને માથામાં વચ્ચેના ભાગે તેમજ કપાળના ભાગે છરીથી ગંભીર ઇજા પહોંચાડી જાનથી મારી નાંખવાની કોશિષ કર્યાનો આક્ષેપ છે. જ્યારે અન્ય આરોપીઓએ પાઇપ, ધારીયુ તેમજ લાકડીઓ વડે હુમલો

કરેલ હોય, ફરીયાદીને ૨૨ ટાંકા આવેલા અને ત્રણ દિવસ સેલ્બી હોસ્પિટલમાં દાખલ કરેલ અને સર્જરી કરવી પડેલ છે. અરજદારો ખુબજ માથાભારે અને ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોય તેમજ ડ્રગ્સ અને દારુના નશામાં રહે છે. અરજદારો વિરુધ્ધ ઇસનપુર પો.સ્ટે.માં અન્ય ફરીયાદ પણ નોંધાયેલી છે તેમજ આરોપીઓ વિરુધ્ધ હાલ ગુનાની તપાસ ચાલુ હોય, ચાર્જશીટ ફાઇલ કરવાનું બાકી છે તે સંજોગોમાં સાક્ષી પુરાવા સાથે ચેડા કરે તેવી પુરેપુરી શક્યતા રહેલી હોય, અરજદારોની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલી છે.

(૬) આ કામે રજુ થયેલ જામીન અરજી તથા તે સાથે રજુ થયેલ દસ્તાવેજો, તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધું તેમજ ફરીયાદીના લેખિત વાંધા વંચાણે લીધા.

(૭) આ કામે ફરીયાદ હકીકત ધ્યાને લેતા તેમજ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતા આ કામના ફરીયાદી ઈસનપુર સાહીયા કોલોની-૨ ખાતે પોતાના ઘરની બહાર બેઠા હતા તે દરમ્યાન આરોપી હુસૈનખાન તેના હાથમાં છરી તથા આરોપી ફેસલખાન ધારીયુ તેમજ ફેઝાનખાન છરી તથા ફરહાન તેના હાથમાં કુહાડી તથા મોહમદ સોહેલ છરી તેમજ કા.સં.કી. એ લોખંડની પાઇપ ધારણ કરી, ગેરકાયદેસર મંડળી રચી, ફરીયાદી સાથે અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી, ફરીયાદી પાસે આવી અચાનક હુમલો કરી, મા-બેન સમાણી ગાળો બોલી, આરોપી નં. ૧ હુસેનખાન નાએ તેની પાસેની છરી વડે ફરીયાદીને માથાના વચ્ચે તથા કપાળના ભાગે છરીના બે ઘાર મારી, બીજા આરોપીઓએ ફરીયાદીને લાતો મારી, ફરીયાદી તેમના ઘરનો દરવાજો ખોલી અંદર જતા રહેતા, ફરીયાદીના

ઘરના દરવાજાને જોર જોરથી હથિયારો વડે મારવા લાગેલ અને ગંદી ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યાંથી નાસી ગયેલાનો આક્ષેપ છે. આ કામના અરજદાર/આરોપી નંબર ૧ વિરુધ્ધનો આક્ષેપ જોવામાં આવે તો આરોપી નં. ૧ તે મુખ્ય આરોપી છે અને તેણે છરી વડે ફરીયાદીને ગંભીર ઈજાઓ પહોંચાડેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઇ આવે છે. જ્યારે અન્ય આરોપીઓએ ગુનાના કામે ગડદાપાટુ, લાતોનો માર માર્યાનો આક્ષેપ જણાઇ આવે છે. આ કામે ઈજા પામનારને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવેલ છે પરંતુ, અરજદાર નં. ૧ નો ગુનાના કામે રોલ વાઇટર પાર્ટ ઉપર ગંભીર ઈજા કરવાનો હોય, હાલ ગુનાની તપાસ ચાલુ, ચાર્જશીટ કરવાનું બાકી હોય, ગુનાની ગંભીરતા તેમજ સજાની જોગવાઇ ધ્યાને લેતા, અરજદાર/આરોપી નં. ૧ ને હાલના તબકકે જામીન મુકત કરવા ન્યાયી અને વ્યાજબી જણાતું નથી.

**૭.૧** જ્યારે અરજદાર/આરોપી નં. ૨ થી ૫ નાઓનો ગુનાના કામે રોલ ધ્યાને લેતા તેઓએ ગડદાપાટુનો માર મારેલ હોવાનો આક્ષેપ છે તેમજ ઈજા પામનારને હોસ્પિટલમાંથી રજા પણ આપી દેવામાં આવેલ છે ત્યારે અરજદારોનો ગુનાના કામે રોલ તેમજ સજાની જોગવાઇ ધ્યાને લેતા, અરજદારોએ કોઇ હથિયાર વડે ફરીયાદીને ઈજા પહોંચાડેલ હોવાનું તપાસ કરનાર અધિકારીના સોગંદનામા ઉપરથી જણાઇ આવતું ન હોય, અરજદારો અમદાવાદના કાયમી રહીશ હોય, નાસી ભાગી જાય તેમ ન હોય તેમજ નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાતરી આપતા હોય, અરજદાર નં. ૨ થી ૫ નો રોલ તેમજ સજાની જોગવાઇ ધ્યાને લઈ, સદર કેસની ટ્રાયલ ચાલતા ઘણો લાંબો સમય પસાર થાય તેમ હોય, અરજદાર નં.

૨ થી ૫ ની ટ્રાયલ સમયેની હાજરી પણ ઉપલબ્ધ બની રહે તેમ હોય, જામીન અરજીના તબકકે વધુ ગુણદોષમાં ન ઉતરતા, અરજદાર નં. ૨ થી ૫ ને વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ હોય, અરજદાર/આરોપીઓની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયી અને વ્યાજબી જણાતું હોય, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આ ખ રી હુ ક મ :–**

**હાલની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.**

**૧.** ઈસનપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નંબર:– ૧૧૧૯૧૦૨૨૨૬૦૬૦૭/૨૦૨૬, ના ગુનાના કામે હાલના અરજદાર/ **આરોપી નં.(૧) મોહંમદહુસેનખાન કમરમોહંમદ પઠાણ** નાઓની હાલની રેગ્યુલર જામીન અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

**૨.** ઈસનપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નંબર:– ૧૧૧૯૧૦૨૨૨૬૦૬૦૭/૨૦૨૬, ના ગુનાના કામે હાલના અરજદાર/ આરોપી **નં.(૨) ફૈસલખાન રઈસખાન પઠાણ, નં.(૩) ફૈઝાનખાન રઈસખાન પઠાણ, નં.(૪) ફરહીન શોકતખાન પઠાણ તથા નં.(૫) મો.સોહેલ આફતાબઆલમ શેખ** નાઓએ દરેક અલગ અલગ રૂ.૨૫,૦૦૦/–(અંકે રૂપીયા પચ્ચીસ હજાર) પુરાનો જાતમુચરકો તથા તેટલી જ રકમના સધ્ધર જામીન આપેથી નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો:–</u>**

(૧) અરજદાર/આરોપીઓએ ફરિયાદપક્ષના સાહેદોને ધાકધમકી, લાલચ કે અન્ય કોઇ પ્રલોભન દ્વારા ફોડી નાંખવાનો પ્રયાસ કરવો નહી કે ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહિ.

(૨) અરજદાર/આરોપીઓએ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી આ અદાલતની પુર્વ પરવાનગી સિવાય ભારત દેશ ની હદ છોડવી નહિ.

(૩) અરજદાર/આરોપીઓએ પોતાના રહેણાંકનું સરનામું, મોબાઇલ નંબર વિગેરે કોર્ટમાં જામીન ઉપર મુકત થતા અગાઉ આપવાના રહેશે અને તેમાં કોઇ ફેરફાર થાય તો તેની લેખિતમાં જાણ કોર્ટને કરવાની રહેશે.

(૪) અરજદાર/આરોપીઓએ પોલીસ તપાસમાં સહકાર આપવો તેમજ ટ્રાયલ દરમ્યાન નિયમિતરીતે અદાલતમાં હાજર રહેવુ.

(૫) અરજદાર/આરોપીઓએ આવા કે અન્ય કોઈ ગુનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભવિષ્યમાં સંડોવાવુ નહી.

(૬) અરજદારે જામીન સંલગ્ન જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ આપવા.

(૭) સદરહુ હુકમની એક નકલ સંલગ્ન કોર્ટ તથા સંબંધિત પો .સ્ટે. તેમજ જેલ ઓથોરીટીને ઈમેઈલ મારફતે સદર આદેશનું પાલન કરવા તથા જાણ સારુ મોકલી આપવું.

જરુરી યાદીઓ કરવી.

આ હુકમ આજરોજ તારીખ **૨૭** મી માહે **જુલાઇ** સને **૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

સ્થળ: અમદાવાદ
તારીખ:૨૭.૦૭.૨૦૨૬

(જયેશકુમાર ઈશ્વરલાલ પટેલ)
જજ, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ,
અદાલત નંબર: ૬,(બેઇલ કોર્ટ)
અમદાવાદ.
**યુનિક આઈ.ડી નંબર: GJ00646**

//hdp//